**બિડાણઃ** (૧) નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૨.૦૭.૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃખરચ/૧૦૨૦૧૬/યુ.ઓ.૭૮૬/ઝ.૧

**વિષય :** રાજય સરકારના વર્ગ—૩ અને વર્ગ—૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂંક પામેલ પુરૂષ કર્મચારીઓને પિતૃત્વની રજાઓનો લાભ મળવા બાબત..

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ ૭૩૩૯૨-૪૪૭ /૨૦૧૬.** **તારીખઃ૬/૧૦/૨૦૧૬.**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**<u>નકલ સવિનય રવાનાઃ</u>**— અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

**<u>૨/— આ સાથે નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૨.૦૭.૨૦૧૬ના પત્રમાં જણાવેલ વિગત અન્વયે જાણ તેમજ અમલ થવા સારુ.</u>**

રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક પામેલ પુરૂષ કર્મચારીઓને પિતૃત્વની રજાઓનો લાભ મળવા બાબત.

ગુજરાત સરકાર,
નાણાવિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૧૦૨૦૧૬/યુ.ઓ.૭૮૬/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૨/૦૭/૨૦૧૬

**સંદર્ભ:-**

(૧) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૨) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)ઝ.૧

આમુખ :-

સંદર્ભ ક્રમાંક-(૧) સામેના નાણા વિભાગના ઠરાવથી રાજય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં રાજય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણૂકો આપવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે તેમજ આ ઠરાવ સંદર્ભમાં નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક-(૨) સામેના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક બાબતની અદ્યતન શરતો અને બોલીઓ નિયત કરવામાં આવેલ છે.

નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક-(૨) સામેના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક બાબતની નિયત કરવામાં આવેલ અદ્યતન શરતો અને બોલીઓમાં કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક પામનાર પુરૂષ કર્મચારીઓને પિતૃત્વની રજાઓ મળવા બાબતે કોઈ જોગવાઈ થયેલ નથી. છેલ્લા કેટલાક સમયથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક પામનાર પુરૂષ કર્મચારીઓને પિતૃત્વની રજાઓ મળવા બાબતે રાજય સરકારને રજુઆતો મળેલ હતી. આથી નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક-(૨) સામેના ઠરાવથી નિયત થયેલ અદ્યતન બોલીઓ અને શરતોમાં સુધારો-વધારો કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

**-: ઠરાવ :-**

રાજય સરકારની કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ ક્રમાંક-(૨) સામેના નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવના પત્રક-૧ હેઠળ નિયત થયેલ બોલીઓ અને શરતોની શરત-(૪)(ડ) પછી નીચે દર્શાવ્યા મુજબની શરત ઉમેરવામાં આવે છે.

(પાછળ)

(ઈ) " કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક પામેલ સીધી ભરતીના પુરૂષ કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ–૭૦ ની જોગવાઈ મુજબ પિતૃત્વની રજાનો લાભ મળવાપાત્ર થશે."

સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવની અન્ય બોલીઓ અને શરતો યથાવત્ રહેશે.

આ ઠરાવનો અમલ તેની રવાનગી તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- ❖ માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- ➢ માનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગ (ખાતાના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- ➢ એકાઉન્ટ જનરલ–૧ (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલ–૨ (એ. એન્ડ ઈ.) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- ➢ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર.
- ➢ પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- ➢ નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.
- ➢ સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.
- ➢ સિલેકટ ફાઈલ– ઝ. ૧ શાખા.

---

❖ પત્ર ધ્વારા.

--o--